# પંડિત દિનદયાલ યુનિવર્સિટીથી જીઈબી સુધી મીની બસ સેવાનો આરંભ



ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ(ગુડા) વિસ્તારમાં સ્થિત પંડિત દિનદયાલ યુનિવર્સીટી, રાયસણ થી જી.ઈ.બી સુધીની એસ.ટી તંત્ર દ્વારા બસ સુવિધાનો આરંભ કરવામાં આવ્યો છે. આ બસને આજરોજ પંડિત દિનદયાલ યુનિર્વસીટીના મુખ્ય દરવાજા પાસેથી ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, એસ.ટી બોર્ડના મેમ્બર શ્રી ભગવાનદાસ પંચાલ, પીડીપીયુના ડાયરેકટર જનરલ શ્રી ર્ડા.પી.કે.બનીક અને જીએનએલયુના ડાયરેકટર શ્રી ર્ડા. બિમલ પટેલે લીલી ઝંડી આપીની -સ્થાન કરાવી હતી આ બસ પંડિત દિનદયાલ યુનિવર્સીટીથી ઉપડીને લો યુનિવર્સીટી, રાયસણ-કોબા ક્રોસીંગ, સત્યમેવ છાવણી, ભાઈજીપુરા ક્રોસીંગ, રાયસણ પેટ્રોલ પંપ, કુડાસણ ક્રોસીંગ, એસ.બી.આઈ, પોર ક્રોસીંગ, શ્યામ સૃષ્ટિ, સહજાનંદ સીટી, કાનમ ચોકડી, રિલાયન્સ ચોકડી, નીફ્ટ, ઘ-૦, ઘ-૧, ઘ-૨, -થિકાશ્રમ, ઘ-૪, ઘ-૫, ઘ-૬, ઘ-૭ થી જીઈબી જશે. આ બસમાં કોલેજાના વિદ્યાર્થીઓને એસ.ટી નિગમના નિયમોનુસાર પાસ સુવિધા પણ આપવામાં આવશે.

# ખોરજમાં પ્રાથમિક શાળા પાસે જુગાર રમતા ૬ ઝડપાયા

## ચાર મોબાઈલ સહિત રૂ. ૪૭૧૦નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૯
જિલ્લાના ખોરજ ગામમાં પ્રાથમિક શાળા પાસે આજે બપોરના સમયે જાહેરમાં જુગાર રમતા ૬ ઈસમોને અડાલજ પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન અને રોકડ સહિત રૂ. ૪૭૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ખોરજ ગામમાં સ્થિત પ્રાથમિક શાળા નજીક ખુલ્લામાં જુગાર રમાતો હોવાની બાતમી અડાલજ પોલીસને મળી હતી. જેના આધારે અડાલજ પોલીસ સ્ટેશનના પ્રોબેશનલ પી.એસ.આઈ. એમ. જે. વાઘેલા તેમજ ડી સ્ટાફના માણસોએ સ્થળ પર રેઈડ કરી હતી. આ દરમિયાન આરોપી નરેશ ગજેન્દ્ર ઠાકોર, દિનેશ મણીલાલ સોલંકી, પૂનમચંદ્ર શંકરભાઈ શેટ્ટી, અશોક ડાહ્યાભાઈ પટેલ, બાબુજી પુંજાજી ઠાકોર તેમજ આરોપી ભરત કાંતિભાઈ બજાણીયાને તીન પત્તીનો હાર-જીતનો જુગાર રમતા ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન તેમજ જુગારખાનામાંથી રૂ. ૨૨૦ રોકડ તેમજ આરોપીઓની અંગ જડતી દરમિયાન રૂ. ૧૪૯૦ સહિત કુલ રૂ. ૪૭૧૦નો મુદ્દામાલ કબજે લીધો છે. આ અંગે અડાલજ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વજેસીંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રક્ષાશકિત યુનિવર્સિટીથી લવાડ ગામના લોકોને કોઈપણ પ્રકારની અડચણ કે અસુવિધા ઉત્પન્ન નહીં થાય

ગાંધીનગર, તા.૨૯
રાજયના અને દેશના યુવાધનમાં આંતરિક સુરક્ષાની બાબતમાં જાગૃતિ આવે તેમજ આ અંગે પધ્ધતિસરના અભ્યાસક્રમમાં જોડાવવાની તક મળે અને સંશોધન દ્વારા સુરક્ષાને વધુ સુદૃઢ બનાવી શકાય તે માટે રાજ્ય સરકારે દેશભરમાં સૌ પ્રથમ વખત ગુજરાતમાં રક્ષા શકિત યુનિવર્સિટીની સ્થાપના કરવાનું નક્કી કર્યું છે. રક્ષા શકિત યુનિવર્સિટીનું આ લક્ષ્ય સિધ્ધ થાય તે હેતુથી અને આ યુનિવર્સિટીને પુર્ણપણે કાર્યશીલ કરવા ગાંધીનગર જિલ્લાના લવાડ ખાતે આશરે ૨૩૫ એકર સરકારી પડતર-ખરાબાની જમીન ફાળવવામાં આવેલ છે. આ યુનિવર્સિટીની રચના થવાના કારણે માત્ર લવાડ જ નહી પરંતુ આજુબાજુના ગામો તથા ગાંધીનગર જિલ્લાના અન્ય ગામોના વિકાસમાં એક નવું પરિમાણ ઉમેરાયું છે.

યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી ધીરજ પારેખના જણાવ્યા પ્રમાણે આ યુનિવર્સિટીના નિર્માણ માટે ગામના સરપંચશ્રી તેમજ લવાડ ગામના આગેવાનોની રૂબરૂ સર્વ સંમતિથી આ જમીનનો કબ્જો યુનિવર્સિટી દ્વારા માર્ચ-૨૦૧૦માં સંભાળવામાં આવેલ છે તેમજ જંગલ વોરફેર, પરેડ ગ્રાઉન્ડ, સ્પોર્ટસ સંકુલ, ઓડીટોરીયમ સહિત અત્યાંધુનિક શૈક્ષણિક તેમજ વહીવટી સંકુલના નિર્માણની યોજના કરવામાં આવેલ છે.

આમ છતાં યુનિવર્સિટી સંદર્ભમાં લોકો વચ્ચે કેટલાંક ે ભા થયાં છે. જેમાં મુખ્યત્વે ગામમાં સ્મશાનગૃહ, ખેત મજુરો માટે આવાસ, મૃત પશુઓના નિકાલ માટેની જગ્યા, લવાડ ગામથી અન્ય ગામોમાં જવાના રસ્તા, ગામ ડૂબમાં જવા વિગેરેનો સમાવેશ થાય છે. રજીસ્ટ્રારશ્રીના જણાવ્યા પ્રમાણે આ ે બાબતે ચર્ચા હાથ ધરી હકારાત્મક દ્રષ્ટિકોણથી ઉકેલ લાવી શકાય તેમ છે. અત્યાર સુધી યુનિવર્સિટી ધ્વારા ગામના રસ્તાના ઉપયોગને અટકાવવામાં આવેલ નથી કે, ગામ લોકોને કોઈ પણ -કારની અડચણ કે અસુવિધા ઉત્પન કરવામાં આવેલ નથી. એટલું જ નહી પરંતુ લવાડ ગામમાં રક્ષા શકિત યુનિવર્સિટી ધ્વારા વિવિધ લોક ઉપયોગી -વૃત્તિ હાથ ધરવામાં આવેલ છે. જેમાં હેલ્થ ચેકઅપ કેમ્પ, વાર્ષિક રમોત્સવ તેમજ વિકાસ કામ માટે માર્ગદર્શન તેમજ નાણાંકીય સહયોગ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

# રાંદેસણ ગામની સીમમાં બે મકાનમાંથી ૧.૮૦ લાખની ચોરી

## ધોળે દિવસે તસ્કરોએ તકનો લાભ ઉઠાવ્યો

ગાંધીનગર, તા.૨૯
શહેર નજીક રાંદેસણ ગામની સીમમાં સ્થિત પ્રમુખ રેસીડન્સીના બે મકાનમાં ગઈકાલે દિવસ દરમિયાન બે મકાનમાં ઘરફોડ ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. આ બંને ઘરફોડમાં રૂ. ૧.૮૦ લાખની મત્તા ચોરાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જો કે આ મામલે કોઈ પોલિસ ફરિયાદ કરવામાં આવી નથી!

શહરમાં સ્થિત સેકટરોના રહેણાંક વિસ્તારમાં તક મળતાં જ જાણ ભેદુ તસ્કરો હાથફેરો કરી લેતા પોલિસ તંત્રની સાથે નગરજનોને પણ જાગ્રત રહેવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે. સેકટરોમાં એકલતા અને શાંત વાતાવરણમાં ધોળે દિવસે હાથફેરો કરતા ન અચકાતા ચોર ઈસમો ન્યુ ગાંધીનગરના વિકસિત વિસ્તારમાં સ્થિત સોસાયટીઓને પણ ટાર્ગેટ બનાવી રહ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જેના પરીણામે આ વિસ્તારમાં પણ સમયાંતરે ચોરીના કિસ્સાઓ બનતા હોવાનું પ્રકાશમાં આવે છે. રાંદેસણ ગામની સીમમાં સ્થિત પ્રમુખ રેસીડન્સીમાં ગઈકાલે દિવસ દરમિયાન જ ચોર ઈસમોએ મોકાનો લાભ ઉઠાવી બે મકાનોને નિશાન બનાવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જેમાં સોસાયટીના એક મકાનમાંથી દાગીના સહિત રૂ. ૧.૭૫ લાખ તેમજ અન્ય એક બંગલામાંથી રૂ. ૫ હજાર સહિત રૂ. ૧.૮૦ લાખની ચોરી થઈ હોવાનું માલુમ પડયું છે. જો, કે બનાવ સંદર્ભે પોલીસ મથકે ફરિયાદ થઈ નથી.

# જય સાંઈનાથ સેવા સમિતિ દ્વારા ૩જીએ રક્તદાન શિબિર અને ગુરુપૂર્ણિમા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગરની જય સાંઈનાથ સેવા સમિતિ દ્વારા તા. ૩જી જુલાઈ-૨૦૧૨ને મંગળવારે ગુરુપૂર્ણિમાના શુભ દિવસે થેલેસિમિયાથી પીડિત બાળકો માટે રક્તદાન કેમ્પ અને ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી અને જય સાંઈનાથ સેવા સમિતિ દ્વારા તા. ૩જી જુલાઈને મંગળવારે સવારે ૧૦ થી ૨ કલાક દરમિયાન ખાખરિયા છાંસઠ પ્રજાપતિ સેવા સમાજ વાડી, શ્યામ સૃષ્ટિ કોમ્પલેક્ષની પાછળ, કૂડાસણ-પોર રોડ, કૂડાસણ, ગાંધીનગર ખાતે થેલેસિમિયાથી પીડિત બાળકો માટે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાતાઓને આ પ્રસંગે યોગ્ય સહકાર આપવા આયોજકો દ્વારા જણાવાયું છે.

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગ નિમિત્તે સાંઈનાથ સેવા સમિતિ દ્વારા સાંઈ કુટીર, ૨૬ શ્યામસૃષ્ટિ કોમ્પલેક્ષ, કૂડાસણ-પોર રોડ, કૂડાસણ ખાતે સાંજે ૪.૩૦ કલાકે સાંઈ આરતી, સાંજે ૫ થી ૭ કલાકે મહાપ્રસાદ અને રાત્રે ૮ કલાકે ભજનનો કાર્યક્રમ યોજાશે. આ શુભ પ્રસંગે સૌ ભાવિકભક્તોને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

# વસાહત મંડળ સે.૧૪ના હોદ્દેદારોની નિમણૂંક કરાઈ

ગાંધીનગર, તા. ૨૯
ગાંધીનગર વસાહત મંડળ, સેક્ટર-૧૪ની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં મળી હતી. વાર્ષિક સભામાં પ્રમુખ એન. કે. વાઘેલા દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ની કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો તથા વર્ષ ૨૦૧૨-૧૩ની કમિટિની રચના કરવામાં આવી હતી.

વસાહત મંડળ, સેક્ટર-૧૪ના વર્ષ ૨૦૧૨-૧૩ માટેના પ્રમુખ તરીકે એન.કે. વાઘેલાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે બી.ડી. સોલંકી, મંત્રી તરીકે બી.એલ. પરમાર, સહમંત્રી તરીકે અમિતભાઈ લેઉઆ, કે.એસ. પરમાર, મહેન્દ્રભાઈ ચૌહાણ, ખજાનચી તરીકે કે. ડી. પરમાર અને સંગઠન મંત્રી તરીકે પી.એસ. પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. બિનહરીફ વરણી થયેલા તમામ હોદ્દેદારોને વસાહત મંડળ તરફથી અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સે. ૨૮માંથી આધેડ બે દિવસથી લાપતા

ગાંધીનગર, તા. ૨૯
સે. ૨૮માંથી છેલ્લા બે દિવસથી ૪૮ વર્ષીય વ્યક્તિ લાપત્તા હોવાની જાણ સે. ૨૧ પોલીસને કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૨૮માં પ્લોટ નં. ૧૪૪માં રહેતા વિજેન્દ્રસિંહ ભીમસિંહ સોલંકી ગત તા. ૨૭ના રોજ સવારે ૪.૩૦ કલાકે પોતાના મિત્રને મળવા જવાનું કહી બાયડ જવા નીકળ્યા હતા. જ્યાંથી તેઓ પોતાના વતનમાં જવાના હતા. પરંતુ બે દિવસના અંતે પણ તેઓ ઘરે પરત ન ફરતા આ અંગે સે. ૨૧ પોલીસને જાણ કરવામાં આવી છે. આ અંગે હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

# ૩૨ વર્ષથી એકબીજાના લંચ પાર્ટનર રહેલા બે મિત્રોના જીવનમાં રહેલી સમાનતાઓ

## ભાઈ જેવા બે ભાઈબંધો પૈકી કિરીટકુમાર પટેલ આજે નિવૃત્ત થઈ રહ્યા છે ને નરસિંહભાઈ પ્રજાપતિ આગામી વર્ષે આ જ તારીકે નિવૃત્ત થશે





સંબંધ સજાવે જિંદગી
**ભાઈ જેવો ભાઈબંધ**
- ફુંતલ નિમાવત
gsrelation@yahoo.com

કર્મચારીઓના નગર તરીકે જાણીતા એવા ગાંધીનગર શહેરમાં સરકારી કચેરીઓની એક નોખી-અનોખી વાત છે. સરકારી કચેરીઓને કારણે ઘણી નોખી-અનોખી વાતો અહીં બની પણ છે અને એ જ કારણે અહીં કેટલાંય સંબંધો બન્યાં છે ને ટક્યાં પણ છે.

એવા જ એક સંબંધની વાત આજે અહીં કરવી છે. સંબંધ છે મિત્રતાનો, જે સરકારી કચેરીના બે મિત્રો વચ્ચે સ્થપાયો ને આજ સુધી નિર્બંધ ચાલ્યો આવે છે.

આ બે મિત્રો પૈકી એક છે કિરીટકુમાર ફુલાભાઈ પટેલ, જેમનો જન્મ જૂન, ૨૦૫૪માં થયો છે. આજે એટલે કે ૩૦ જૂન, ૨૦૧૨ના રોજ તેઓ સરકારી સેવામાંથી નિવૃત્ત થઈ રહ્યા છે. માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવના કાર્યાલય ખાતેથી નિવૃત્ત થઈ રહેલા કિરીટભાઈ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના વહેલાલ ગામના વતની છે.

એમના મિત્ર છે નરસિંહભાઈ પીતાંબરદાસ પ્રજાપતિ, જેમનો જન્મ પણ જૂન મહિનામાં છે, અલબત્ત, ૨૦૫૫માં. આગામી ૩૦ જૂન, ૨૦૧૩ના રોજ તેઓ નિવૃત્ત થઈ રહ્યા છે. હાલ મુખ્યમંત્રીના કાર્યાલય ખાતે તેઓ ફરજ બજાવી રહ્યા છે. તેઓ મહેસાણા જિલ્લાના પુનાસણ ગામના વતની છે.

યોગાનુયોગ આ બંને મિત્રોના જીવનમાં જે સમાનતાઓ છે તેનો ઉલ્લેખ અહીં ખાસ કરવો ઘટે. જેમકે, બંનેનો જન્મ જૂન માસમાં છે અને એટલે બંનેની નિવૃત્તિનો માસ પણ જૂન જ છે.

બંને મિત્રો હાલ અલગ અલગ વિભાગોમાં જે હોદ્દો સંભાળે છે તે પણ સમાન જ છે : રહસ્ય સચિવ વર્ગ-૨.

જુલાઈ, ૧૯૭૭માં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી લેવાયેલ ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૩ તરીકે બંનેને સચિવાલયમાં નિમણૂંક મળી.

ઑક્ટોબર, ૧૯૭૯માં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી લેવાયેલ ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨માં બંને ઉત્તીર્ણ થયા.

એપ્રિલ, ૧૯૮૦માં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સીધી ભરતીથી લેવાયેલ ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ તરીકે માર્ગ અને મકાન વિભાગ, સચિવાલયમાં બંનેને એકસાથે નિમણૂંક મળી.

જુલાઈ, ૧૯૮૦માં કૅટેગરી-૨ પ્રકારનું મકાન પણ સરકાર તરફથી બંનેને સાથે જ ઍલોટ થયું.

જૂન, ૧૯૮૦માં છ ટાઈપનું મકાન પણ સૅક્ટર-૨૩ ખાતે બંનેને એકસાથે જ ઍલોટ થયું ને બંને રહેવા પણ સાથે જ ગયા.

ફેબ્રુઆરી, ૧૯૮૬માં લેવાયેલ ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ની પરીક્ષામાં પણ બંને સાથે જ ઉત્તીર્ણ થયા.

ડિસેમ્બર, ૧૯૮૬માં ચ ટાઈપનું મકાન બંને મિત્રોને સાથે જ ઍલોટ થયું.

સ્ટેનો ગ્રેડ-૧ તરીકે જૂન, ૨૦૦૬માં બંને મિત્રોને એકસાથે જ બઢતી મળી.

કારકિર્દી અને નિવાસને લગતી આ સમાનતાઓ ઉપરાંત તેમના જીવનની બંનેને ગમતી સમાનતા એ છે કે બંનેનાં પત્નીનું નામ કાન્તાબેન છે અને બંનેને ઘેર બે પુત્રો છે, બંને પરિણિત છે.

જોગ-સંજોગે સચિવાલયમાં ભેગા થયેલા આ બંને મિત્રોએ પોતાની મિત્રતા ૩૨ વર્ષથી અખંડ રાખી છે અને એ જ કારણથી એમના જીવનની ઘણી ઘટનાઓ બંને સાથે એક જ સમયે ઘટી છે, જીવનના સારા-માઠા પ્રસંગોએ બંને એકબીજાની પડખે પડછાયાની જેમ ઊભા રહ્યા છે.

અને એમની મિત્રતા એવી મજબૂત છે કે છેલ્લાં ૩૨ વર્ષથી બંને એકબીજાના લંચ પાર્ટનર તરીકે અખંડપણે રહ્યા છે.

આજે કિરીટભાઈ નિવૃત્ત થઈ રહ્યા છે ને એ પછી એક વર્ષે નરસિંહભાઈ નિવૃત્ત થશે. 'આ એક વર્ષ દરમ્યાન હવે તમારે લંચ એકલાએ જ લેવું પડશે ને ?' એવા સવાલના જવાબમાં નરસિંહભાઈ ગમગીન થઈ જાય છે. પણ પછી મિત્રને યાદ કરતાં જણાવે છે, 'ના, હું એની યાદોને સાથે રાખીને જમીશ. મિત્ર આંખ સામે ભલે નહીં હોય, હૈયામાં તો હશે જ !'

લંચ ટાઈમ પૂરતો ભલે બંનેનો સાથ છૂટ્યો હોય, પણ આ મિત્રતા જીવનભર નહીં તૂટે એવો વિશ્વાસ વ્યક્ત કરતાં નરસિંહભાઈએ પોતાના પરમ મિત્ર કિરીટભાઈને તેમનો નિવૃત્તિકાળ સુખમય ને આરોગ્યમય વિતે તેવી શુભકામનાઓ પાઠવી છે!

દોસ્તી હો તો ઐસી!

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૦૦
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦
ફરારી કી સવારી : ૪.૦૦
તેરી મેરી કહાની : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૦.૦૦
ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપના ગેરવર્તનથી વિરોધીઓ હાવી થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો ભેંટની પ્રાપ્તિ સંભવ છે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર પૂરતું ધ્યાન આપવું. ઋણની ચિંતા થશે.

**વૃષભ** : આર્થિક સધ્ધરતા પ્રાપ્ત રહેવાથી સંતોષ રહેશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. સંલાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. કામની ગતિ અનુકૂળ રહેશે.

**મિથુન** : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ભવિષ્યની ચિંતા આપને સતાવશે. કાર્યોમાં સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો પડશે. નોકરીક્ષેત્રમાં બદલીની સંભાવનાઓ છે.

**કર્ક** : આત્મવિશ્વાસઅને સાહસથી કરેલા કાર્યમાં લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ મળી રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી અને પ્રશ્નોની ચિંતા દુર થતી જણાશે.

**સિંહ** : કોઈ પણ કાર્ય ધૈર્યથી પૂર્ણ કરવું. બીજાના પ્રત્ય અતિ વિશ્વાસ મુકતાં પહેલાં વિચારવું. વ્યવસાયિક યોજનાઓમાં સ્વયંની પ્રતિષ્ઠા અને સન્માનની અનુરૂપ કાર્ય કરવું.

**કન્યા** : આપના દ્વારા કરાયેલા ધન સંચયમાં વધારો થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપવું. વ્યાપારના કાર્યથી પ્રસન્નતાનું વાતાવરણ બની રહેશે. વ્યાપાર- વ્યવસાયમાં કાર્યના વિસ્તારની યોજનાઓ બનશે.

**તુલા** : આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**વૃશ્ચિક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**ધન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**મકર** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**કુંભ** : કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

## ચિરવિદાય

- સ્વ. શક્કરબેન મુળજીભાઈ વાઘેલા (ઉ.વ.૬૫), મુ.પાલજ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. તારાબેન નેમચંદભાઈ શાહ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૭૨૪/૧, સેકટર-૫બી, ગાંધીનગર.
- સ્વ. નરેન્દ્રભાઈ સેંધાભાઈ પટેલ (ઉ.વ.૪૨) મકાન નં. ૧૭૭, આનંદનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. સુશીલાબેન હિંમતભાઈ જાધવ (ઉ.વ.૫૫) ૨૫, સાત્વિક હોમ, મુ. વાવોલ, તા.જી. ગાંધીનગર